## અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વાંટડાસુકા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




સરકાર ની યોજનાઓના લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નો ના તત્કાલ નિકાલ માટે સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે.જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વાંટડાસુકા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરકાર ના વિવિધ વિભાગો ધ્વારા કામગીરી કરવામાં આવી હતી.જેમાં ધનસુરા તાલુકાના જશવંતપુરા,વાંટડાસુકા, ખડોલ, ગોપાલપુરા સહિત ૮ જેટલા ગામો માટે સેવાસેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રેશનિંગ કાર્ડ ને લાગતી કામગીરી,આધારકાર્ડ ની કામગીરી, આરોગ્ય લક્ષી, પંચાયત વિભાગ, વન વિભાગ, આયુષ્માન કાર્ડ સહિત ની વિવિધ કામગીરીઓ કરવામાં આવી હતી જેમાં ધનસુરા મામલતદાર દેવેન્દ્રસિંહ ચાવડા, તાલુકા વિકાસ અધિકારી આર.જે.પટેલ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માં આજુબાજુ ના ગામ ના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અને લોકો ના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## ડીસાના બાગમાં પર્યાવરણ જાળવણીનો પ્રેરણાદાયી સંદેશ





આ પૃથ્વી એ ઈશ્વરે મનુષ્યને આપેલી સૌથી મોટી ભેટ છે, પરંતુ માણસનો સ્વભાવ એવો છે કે, તે વસ્તુઓની કદર ત્યારે જ કરે છે, જ્યારે તે તેને ગુમાવી દે છે. પૃથ્વી એ માનવીય ભૂલોનો ભોગ બનવું પડે છે. પૃથ્વીને પ્રદૂષણથી બચાવવા માટે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની પ્રથા શરૂ કરવામાં આવી હતી. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સમગ્ર વિશ્વમાં પર્યાવરણને બચાવવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. જે અંતર્ગત ડીસા શહેરમાં આવેલ મામલતદાર કચેરીના પટાંગણમાં મૃતઃપ્રાય થવાના આરે આવેલા બાગને પત્રકાર મિત્રો અને જાગૃત નાગરિકો દ્વારા નવજીવન બક્ષવામાં આવ્યું છે ત્યારે આજે રાષ્ટ્રપતિ પારિતોષિક વિજેતા અને નિવૃત્ત શિક્ષક એવા ચંદુભાઈ એટીડી દ્વારા ડીસા મામલતદાર કચેરીના પટાંગણમાં પત્રકાર મિત્રો અને જાગૃત નાગરિકો દ્વારા નવજીવન આપવામાં આવેલ બાગની દિવાલ? પર પર્યાવરણ દિન નિમિત્તે અનોખો સંદેશ આપતો અને લોક જાગૃતિ લાવવા અત્યંત સુંદર સંદેશો આપે તેવું કલાત્મક રીતે વોલ પેઈન્ટિંગ કરવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસને લઈને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ને લઈને મંગલોદય સેવા પ્રતિષ્ઠાન તથા એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ ખાતે કાર્યરત મંગલોદય સેવા પ્રતિષ્ઠાન તથા એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ને લઈને સુરેશભાઇ રાવલ ના ખેતરમા આયોવેદિક આયોવેદિક તથા ફળ-ફળફળાદિ ના છોડોનુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ સહિત ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

## અરવલ્લી : મંકિપોક્સના ભય વચ્ચે ચીકનપોક્સના કેસમાં વધારો



દુનિયામાં મંકિપોક્સના કેસ સતત વધી રહ્યા છે મંકીપોક્સે વિશ્વના ઘણા દેશોમાં ભય ફેલાવ્યો છે સદ્નસીબે ભારતમાં હજુ સુધી એક પણ કેસ નોંધાયો નથી પરંતુ મંકિપોક્સ ચેપી હોવાથી અને દુનિયાના દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યો હોવાથી ભારતમાં તેની એન્ટ્રી અટકાવવા સરકાર સક્રિય થઈ છે. કેન્દ્ર સરકારે મંકિપોક્સના મેનેજમેન્ટની ગાઈડલાઈન્સ બહાર પાડી છે. મંકિપોક્સ જેવા લક્ષણો ધરાવતો ચિકનપૉક્સ બાળકોમાં જોવા મળતા અરવલ્લી જિલ્લામાં ફફડાટ ફેલાયો છે અરવલ્લી જીલ્લામાં ચિકનપૉક્સના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે જીલ્લામાં અત્યાર સુધી ૫૦ જેટલા બાળકો ચિકનપૉક્સનો ભોગ બનતા તબીબો પણ માથું ખંજવાળી રહ્યા છે ત્યારે ચિકનપૉક્સ બીમારીનું સંક્રમણ ફેલાતું અટકાવવા આરોગ્ય તંત્ર સર્વેની કામગીરી હાથધરે તેવી લોકમાંગ પ્રબળ બની છે ચિકનપૉક્સ સગર્ભા મહિલાઓ અને પુખ્તવયના લોકો પણ શિકાર બની શકે છે. ચિકનપોક્સમાં, દર્દીઓને તાવ સાથે શરીર પર નાના લાલ ફોલ્લીઓ પડે છે. આ અંગે તબીબના જણાવ્યા અનુસાર,ચિનકપોક્સ એક ચેપી રોગ છે અને બાળકો તેમજ પુખ્ત વયના લોકો અને સગર્ભા સ્ત્રીઓને આ રોગનું જોખમ રહેલું છે. ચિકનપૉક્સ વાઈરલ ઈન્ફેક્શન હોવાથી જો તમે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવો તો તમને પણ આ રોગ થઈ શકે છે. દર્દીના દાણા અને ઘા માંથી નીકળતા પાણીના સંપર્કમાં આવવાથી પણ બીજા વ્યક્તિ ચેપનો શિકાર પણ બની શકે છે. આ બિમારીથી બચવા માટે બને ત્યાં સુધી સ્વસ્થતા અને ચિકનપૉક્સના દર્દીથી અંતર જાળવવું ખુબ જરૂરી છે. ચિકનપૉક્સ રોગની શરૂઆતમાં શરીરમાં ખંજવાળ, ફોલ્લીઓ અને ફોલ્લાઓના લક્ષણો દેખાય છે. આ ફોલ્લીઓ છાતી, પીઠ અને ચહેરા પર પણ થઈ શકે છે અને પછી ધીમે ધીમે આખા શરીરમાં ફેલાય છે.

# સાબરકાંઠામાં શંકાસ્પદ કપાસ બિયારણનો રીપોર્ટ આગામી સપ્તાહમાં આવવાની ધારણા

### ગુનેગાર હશે તેમને છોડવામાં નહિ આવે, ખેતી અધિક્ષક

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

સાબરકાંઠામાં વડાલીની ચાર જીનીંગ મિલમાંથી રૂપિયા ૩ થી ૪ કરોડની અંદાજીત રકમના સીઝ કરાયેલા શંકાસ્પદ કપાસના બિયારણના જથ્થાના સેમ્પલ લીધા પછી રીપોર્ટ જાહેર ન થતાં વિભાગ ઉપર પસ્તાળ પડી છે ત્યારે આગામી સપ્તાહમાં શંકાસ્પદ બિયારણ અંગેનો રીપોર્ટ જાહેર થવાની ધારણા છે ત્યારે સાબરકાંઠા ખેતી નિયામક કલ્પેશભાઈ દેસાઈએ જણાવ્યું કે રીપોર્ટ આવ્યા પછી જો કોઈ ગુનેગાર જણાશે તો તેમની સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે. ખેડુતો નકલી બિયારણ, ખાતર અને દવાઓથી ન છેતરાય તે માટે અનેક પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે અને જ્યાં અનિયમિતતા જણાઈ તેવા પેઢી માલિકોને નોટીસ આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

મળેલી વિગતો અનુસાર જિલ્લાના ચોક્કસ જીનીંગ એન્ડ પ્રોસેસીંગ યુનિટમાં સરકારના ભ્રષ્ટ બાબુઓની મીલીભગતના ઓથતળે પ્રતિબંધિત કપાસના બિયારણનું ઉત્પાદન ધમધમતું હતું. કપાસના પાકમાં ઈયળ સહિતના ઉપદ્રવને નાથવા માટે ચોક્કસ જીનના પ્રયોગ સાથે ૪-જી તરીકે ઓળખાતા બિયારણના ઉત્પાદન ઉપર સરકારે પ્રતિબંધ મુક્યો હોવા છતાં કેટલાંક જીનર્સો દ્વારા વિભાગની ઐસીતૈસી કરી પ્રતિબંધિત બિયારણ ઉત્પાદન કરી રાજ્ય તેમજ આંતરરાજ્યના અનેક જિલ્લાઓમાં ગેરકાયદે વેપલો કર્યા પછી સફાળા જાગેલા તંત્રએ તપાસના નાટક કરી કેટલોક જથ્થો સીઝ કરી સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. પંકાયેલો વિભાગ જિલ્લા અને ખેડુતો ઉપર ઉપકાર કરવાનો હોય તેમ આજદિન સુધી રીપોર્ટ જાહેર ન થતાં રાજ્ય સરકારના ખેતી વિભાગની નિયત સામે આંગળીઓ ચિંધાઈ છે. સાબરકાંઠા ખેતી નિયામક(ક્વોલીટી) કલ્પેશભાઈ દેસાઈએ જણાવ્યું કે ખેતી વિભાગ માટે ખેડુતોનું હિત મહત્વનું છે. ખેડુતોને બનાવટી બિયારણ કોઈ પધરાવી ન જાય તેની વિભાગ દ્વારા યોગ્ય ચિવટ રાખવામાં આવી છે. વડાલીની ચાર જીનીંગના સેમ્પલ રીપોર્ટની રાહ જોવાય છે અને જો તેમાં કોઈ જીનીંગ યુનિટ પ્રતિબંધિત બિયારણનું ઉત્પાદન કરતા હોવાનું જણાઈ આવશે તો તેમની સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ વિસ્તારમાં બનાવટી બિયારણ, ખાતર અને દવાનો વેપાર થતો હોવાનો ધ્યાનમાં આવે તો ખેતી વિભાગને જાણ કરવા પણ તાકીદ કરી છે.

### બિયારણ પ્રતિબંધિત હશે તો વેચાણના તમામ સ્થળોએ તપાસ થશે

વડાલીમાંથી સીઝ કરાયેલા કપાસના બિયારણના જથ્થાના સેમ્પલ પછી બિયારણ પ્રતિબંધિત હોવાનું જણાઈ આવશે તો કાયદાકીય જોગવાઈ મુજબ જીનર્સ અને તેમના ભાગીદારો સામે કાર્યવાહી કરવાની સાથે અત્યાર સુધીમાં કેટલું બિયારણ ઉત્પાદિત કર્યુ ? તેનું ક્યાં ક્યાં વેચાણ થયું અને વેપાર બિલથી થયો કે બિલ વગર થયો ? તેની સંપૂર્ણ તપાસ સાથે વેચાણના તમામ સ્થળોએ ટીમો મોકલીને તપાસ કરાશે. અગાઉ વેચાયેલા બિયારણના જરૂર પડે સેમ્પલ લેવાશે તેમ ખેતી નિયામકે જણાવ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસુ કપાસની ખેતીમાં પરોવાઈ ગયેલા ખેડૂતો

### દોઢ લાખ હેક્ટરથી પણ વધુ જમીનમાં વાવેતરની ધારણા : અન્ય પાકોનું વાવેતર શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

સારા ચોમાસાની આગાહી અને ગુજરાતમાં ૫ દિવસ વહેલાં ચોમાસુ બેસવાની ધારણા વચ્ચે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ કપાસની ખેતીમાં મન પરોવી દીધું છે અને વરસાદ એકાદ-બે સપ્તાહ મોંડો આવશે તેવી આશંકા રાખી ખેડૂતોએ સિંચાઈનાં પાણી મૂકવાની શરૂઆત કરી છે. આ વર્ષે કપાસની ખેતી કરનારા ખેડૂતોને મબલક ભાવ મળતાં ખેડુતો માલામાલ થયા અને આ વર્ષે પણ બમ્પર વાવેતરની સંભાવના વચ્ચે જિલ્લામાં અંદાજીત ૧.૩૦ લાખ હેક્ટરથી પણ વધુ જમીનમાં બી.ટી. કપાસનું વાવેતર થવાની ધારણા વ્યક્ત કરાઈ રહી છે. જ્યારે અન્ય પાકોનું વાવેતર પણ ખેડૂતોએ શરૂ કરતાં ચોમાસાના ધમાકેદાર આગમન અગાઉ જ ખેડુતો વાવણીકાર્ય પૂર્ણ કરી દેવાના આગોતરા પ્લાનથી ખેતીમાં પરોવાયાનું જાણવા મળેલ છે. જ્યારે જિલ્લામાં બોગસ બિયારણના કારણે ખેડુતો પાયમલ થવાની દહેશત વ્યક્ત થઈ છે.

સમયસર ચોમાસુ બેસી જશે તેવી આગાહીને હવે સમર્થન મળી રહ્યું છે. કેરળમાં ચોમાસાએ જમાવટ કરી છે તેવા અહેવાલો બહાર આવી રહ્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા ના ખેડૂતોની મોટા ભાગની જમીનો ચોમાસુ ખેતી ઉપર નિર્ભર હોવાથી ખેડૂતોએ અખાત્રીજ પછી ચોમાસુ ખેતી કરવા માટે ખેતરોમાં ખેડ કરવાની સાથે છાણીયા ખાતરનો પટ આપી ખેતરોની માટીને વારંવાર ખેડી તપાવે રાખી હતી. જિલ્લામાં ચોમાસાના આગમનના સંકેતો મળી રહ્યા છે. જિલ્લાના અન્ય તાલુકાના ખેડૂતોએ પણ ખાસ કરીને કપાસનું વહેલું વાવેતર કરવામાં આવે તો પાક ઉપજ વહેલી આવી જાય અને કપાસનું બમ્પર ઉત્પાદન થાય છતાં સારા ભાવ મળે તેવી અપેક્ષા વચ્ચે છેલ્લા એકાદ-બે સપ્તાહથી બીટી કપાસનું વાવેતર શરૂ કર્યું છે. ધોમધખતા તાપમાં કપાસનો કુમળો પાક મૂંરઝાઈ ન જાય તે માટે ખેડૂતોએ સિંચાઈ યોજના મારફતે સિંચાઈનાં પાણી મૂકવાની શરૂઆત કરી છે તો કેટલાક ખેડૂતોએ શાકભાજીનું વાવેતર કરી તેમાં પણ સિંચાઈનાં પાણી મૂકી ચોમાસુ પાકો કરતાં શાકભાજીના પાકોમાંથી વધુ ઉત્પાદન મેળવવાનો નિર્ણય કર્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાં હજુ તો ચોમાસુ બેઠું નથી છતાં આગોતરા આયોજનમાં માનતા કેટલાય પ્રગતિશીલ ખેડૂતોએ હજારો એકર જમીનમાં કપાસ તથા અન્ય ચોમાસુ પાકોનું વાવેતર શરૂ કરી દીધું છે. જેથી કાળઝાળ ઉનાળામાં સૂમસામ ભાસતા ગ્રામ્ય સીમાડા ઉનાળાના વિદાયના દિવસો અને ચોમાસાના આગમનની પૂર્વ સંધ્યાએ ખેડૂતોની હાજરીથી સતત ધમધમી રહ્યાનું જાણવા મળેલ છે.

## ૯૦ દેશ અને ૦૯ ડાયલોગ... એ પણ ભારતમાં...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૫

આજે વિશ્વના સમગ્ર દેશો પર્યાવરણ અને યુક્રેન-રશિયાના યુદ્ધ સંગ્રામથી પરેશાન છે ત્યારે વિશ્વના ૯૦ દેશના પ્રતિનિધિઓ દિલ્હી ખાતે બેઠક યોજી રહ્યા છે.... વિશ્વના તમામ દેશોને વિશ્વાસ છે કે... 'આ બન્ને સમસ્યાનું સમાધાન કેવળ ભારત જોડે જ છે!!' દિલ્હી ખાતે આ બેઠક યોજવાનું મુખ્ય કારણ પણ આજ છે!! વિશ્વને ભારત અને મોદીજીના નેતૃત્વ ઉપર પૂર્ણ ભરોસો છે કે આ સમસ્યાનું સમાધાન ભારત જ કાઢી શકશે !! ૯૦ દેશોના પ્રતિનિધિઓ આ બેઠકમાં ૦૯ વિષયો કે આજના વિશ્વને માટે ચિંતાનું કારણ છે તે વિષયો ઉપર મુક્તપણે ચર્ચા કરી રહ્યા છે અને તેનું સમાધાન પણ શોધી રહ્યા છે... 'રાયસીના ડાયલોગ' નામનું આ સંમેલન અને આખું વિશ્વ દિલ્હી દોડી આવ્યું!! પહેલીવાર એવું જોવા મળ્યું કે વિશ્વ આખું મુંઝવણમાં છે અને યુદ્ધના સંકટની ચિંતામાં ઘેરાયેલું છે ત્યારે સમધાનનો કોઈ રસ્તો ભારતમાંથીજ નીકળશે તેવી આશા સાથે ૯૦ દેશોનો પ્રતિનીધીઓ ભારત દોડી આવ્યા! મોદી સાહેબે શુ કર્યુ અને ક્યાં ક્યાં ખેતી કરી એ હવે ધીરે ધીરે લોકોની સમજમાં આવી રહ્યુ છે... 'વિશ્વને પણ વિશ્વાસ આવી ગયો કે એક ભારત જ મુખીપણું તટસ્થતાથી નિભાવી શકશે.' વિશ્વમાં આ છબી બનાવવી એ નાની સુની વાત જરાય નથી... ભારત પાસે સંસ્કાર, સભ્યતા, નમ્રતા, બુધ્ધિ અને વિવેક અને ક્ષમતા છે તે મોદીજીએ સાબિત કરી દેખાડ્યું!! પૈસો, પદ, પ્રતિષ્ઠા તમને ઊંચા હોદ્દા ઉપર બેસાડી શકે એવું નથી... 'તમારી નમ્રતા અને બુદ્ધિ વિવેક પણ તમને બહુમાન આપી શકે છે!!' ભારત 'વિશ્વગુરુ' બનવાની તાકાત ધરાવે છે અને ભારત 'વસુદેવકુટુંબકમ' ની વાત કરતા તે સાચી સાબિત થઈ રહી છે. ભારત દુનિયાને સાચો માર્ગ બતાવી શકે છે તેવું મોદીજી કહેતા ત્યારે આપણામાંથી ગણાય લોકોને હસવું આવતું હતું... પણ તેમના વિધાનની સત્યતાની શરૂઆત થઈ ચૂકી છે!! ભારતમાં '૯૦ દેશ-૦૯ ડાયલોગ' એટલે કે 'રાયસીના ડાયલોગ' માં વિશ્વને શાંતિના માર્ગ ઉપર લઈ જવા માટે દુનિયાના ૯૦ દેશના પ્રતિનીધીઓ ૦૯ વિષયો ઉપર ગંભીરતાથી ચર્ચા કરી રહ્યા છે જેમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે... મોદીનીની આ મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય!!

## નવા શૈક્ષણિક સત્રના આરંભ અગાઉ બદલીઓ ઈચ્છતા અધિકારી-કર્મચારીઓ

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય પછી બદલીઓ થાય તો કર્મચારીઓના બાળકોના ભાવિ ઉપર અસરની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

રાજ્યમાં ડિસેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે ચૂંટણીપંચના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા મોટા ભાગના અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ થવાની છે તે સંજોગોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે અગાઉ બદલી કરી દેવામાં આવે તો અધિકારી-કર્મચારીઓના બાળકોના ભાવિ ઉપર થનારી વિપરીત અસર અટકાવી શકાય તેમ છે તેમ જણાવી નામ નહીં આપવાની શરતે અધિકારીઓએ પોતાની બદલી ટૂંકમાં જ થાય તેમ ઈચ્છી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીઓ આવે એટલે અધિકારીઓ અને ચોક્કસ વિભાગોના કર્મચારીઓને જિલ્લાની બહાર ફરજીયાત બદલી કરાતી હોય છે અને ચૂંટણીપંચનો હેતુ પણ તેમાં સમજી શકાય તેમ છે. ખાસ કરીને પોલીસ વિભાગમાં જ્યાં સુધી રથયાત્રા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ થશે નહીં તેવી વાતોએ વેગ પકડ્યો છે તદ્ઉપરાંત મહેસૂલ, શિક્ષણ, આરોગ્ય સહિતના વિભાગોમાં ફરજ બજાવતા જિલ્લાના અધિકારીઓની બદલીઓ પણ નિશ્ચિત મનાઈ રહી છે. જ્યારે અગાઉના વર્ષોમાં જે તે વિભાગો દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ જુલાઈ અને ઑગષ્ટ મહિનામાં થતી હતી જેથી અધિકારી અને કર્મચારીઓના સંતાનોને અધવચ્ચેથી અન્ય શાળાઓમાં બદલી સ્થળે પ્રવેશ મેળવવો પડતો હતો જેથી બાળકો વધુ ડીસ્ટર્બ થતા હતા ત્યારે આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે માટે તા.૧૩ જૂન અગાઉ અધિકારીઓ અને કર્મચારીઓ બદલી ઝંખી રહ્યાનું જાણવા મળેલ છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના : જિલ્લાના અનેક ગરીબ પરિવારો હજુ પણ યોજનાના લાભથી વંચિત

### જમીન, ઘર, પ્લોટ વિહોણા પરિવારોની હાલત કફોડી




બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૫

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકાર દ્વારા અનેક પરિવારોનું ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નિયત કરાયેલા લક્ષ્યાંકને પૂર્ણ કર્યાનો તંત્ર દ્વારા દાવો થયો છે પરંતુ આ યોજનાનો લાભ મોટાભાગે જમીન, ઘર અને પ્લોટ પોતાનો હોય તેવા પરિવારોને લાભ મળ્યો છે પરંતુ જેમની પાસે ઉપર આભ અને નીચે ધરતી છે તેવા અનેક પરિવારો યોજનાના અમલીકરણના ૩ વર્ષ પછી પણ આવાસ યોજનાના લાભથી વંચિત રહી ગયા છે. ભરચોમાસે પણ આવા ગરીબ પરિવારો ખુલ્લામાં રહેવા મજબૂર બન્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓના લાભાર્થીઓને લાભ મળ્યો છે. નક્કી કરાયેલા માપદંડ પ્રમાણે કામગીરી થયા પછી લાભાર્થીઓના ખાતામાં હપ્તા જમા થઈ રહ્યા છે. જે વિસ્તારોમાં ગરીબ પરિવારો પાસે પોતાનું ઘર કે પ્લોટ ન હતા તેવા અનેક પરિવારોને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. પરંતુ તેમ છતાં અનેક પરિવારો એવા છે કે તેમની સામે સરકારી તંત્રએ જોયું નથી. ભરચોમાસે આવા ગરીબ પરિવારો પોતાના નાના પરિવાર સાથે જ્યાં આશ્રય મળ્યો ત્યાં સૂઈ રહ્યા છે. જિલ્લાના અનેક શહેરી વિસ્તારોમાં તંત્રને ગરીબ પરિવારોને આવાસ માટે પ્લોટ ફાળવવા હોય પરંતુ સરકારી પડતર જમીન ન હોવાની બાબત તંત્રને સતાવી રહી છે આ સંજોગોમાં આવા પરિવારોને સત્વરે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર મળી રહે તો પરિવારના બાળકોનું ભવિષ્ય સુધરી શકે છે.

# ડીસા નજીક પિછો કરી ગૌવંશ ભરેલું જીપડાલુ ઝડપી પાડ્યું

### જીવદયા પ્રેમીઓ દ્વારા બે ગાય અને એક વાછરડીને જીવતદાન





ડીસા, તા. ૫

પાલનપુર તરફથી જીપડાલુ ગૌવંશ ભરીને આવતું હોવાની માહિતી જીવદયા પ્રેમીઓને મળી હતી. આથી પીછો કરી ડીસાના શુભમ પાર્ટી પ્લોટ નજીક જીપડાલાને રોકી અબોલ જીવોને બચાવી લીધા હતા. આ અંગે ડીસા શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દાંતીવાડા તાલુકાના નિલપુર ગામના અને જીવદયા પ્રેમી હિમાલયકુમાર રમેશભાઈ માલોસણીયા શુક્રવારે ઘરે હતાં. જે દરમિયાન પાંથાવાડાના જીવદયા પ્રેમી મનિષભાઈ નારણજી ભાટ દ્વારા જાણ કરેલ કે પાલનપુરથી ડીસા તરફ આવી રહેલાં જીજે ૧૨-બીએક્સ- ૨૫૦૯ નંબરના પીકઅપ જીપડાલામાં ગેરકાયદેસર રીતે ગાયોની હેરાફેરી કરવામાં આવી રહી છે. આથી જીવદયા કાર્યકર હિમાલયકુમાર માલોસણીયા, મનિષભાઈ ભાટ, મગશીભાઈ દેસાઈ, રોનકભાઈ ઠક્કર, મનોજભાઈ ઠાકોર, મનીષભાઈ દરજી, સુરેશ ચૌધરી, ભાવેશ ચૌધરી, પ્રવીણ ચૌધરી, દીનેશ ભાટી, રાહુલભાઈ જૈન, રાહુલભાઈ રાણા, લાલજી દેસાઈ, સેધાભાઈ દેસાઈ, રાહુલભાઈ મહેશ્વરી સહિતના જીવદયા પ્રેમીઓએ જીપડાલાનો પીછો કરી ઝડપી પાડ્યું હતું. જીપડાલામાં તપાસ કરતાં બે ગાય અને એક વાછરડીને ક્રુરતા પૂર્વક બાંધેલી તેમજ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ ન હતી. આ ઉપરાંત પશુ હેરાફેરી કરવાની સક્ષમ અધિકારીની મંજૂરી ન હતી તેમજ અબોલ પશુઓને કતલખાને લઈ જવાતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતું.


આ અંગે હિમાલયકુમાર રમેશભાઈ માલોસણીયાએ ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજીતભાઈ સોનાભાઈ સરાણીયા (રહે, જીવન જયોત સોસાયટી, પાટણ હાઈવે, ડીસા) અને રોણાભાઈ રૂપાભાઈ સરાણીયા (રહે, તિરૂપતિ પ્લાઝા પાછળ, છાપરામા, પાલનપુર) સામે ગુનો નોંધી વધુ તપાસ હે.કો. દશરથભાઈ ચૌહાણ ચલાવી રહ્યાં છે.

### મોડાસા દેશભક્તિના રંગે રંગાયું

# નિવૃત્ત આર્મી જવાનની ભવ્ય શોભાયાત્રા : દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલ સૈનિકનું ભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૫

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના અનેક જવાનો દેશની સરહદ પર રક્ષા કરી રહ્યા છે શહેરી વિસ્તારમાંથી કોઈ યુવક લશ્કરમાં ભરતી થયો હોય તેવું જવલ્લેજ જોવા મળતું હોય છે. ત્યારે ૨૨ વર્ષ અગાઉ મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં રહેતા દિલીપ પરમાર નામના યુવાને ૧૨ સાયન્સની પરીક્ષા પાસ કરી માં-ભોમની રક્ષા કરવા આર્મીમાં ભરતી થયા હતા ૨૨ વર્ષ દેશની સરહદો પર ખડેપગે જીવના જોખમે રક્ષા કરી વતન પહોંચેલા નિવૃત આર્મી જવાનનું મોડાસા શહેરમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું



માં ભોમની રક્ષા કરી આર્મી જવાન તરીકે દેશની સરહદોના રખોપા કરતા ૨૨ વર્ષની યશસ્વી સેવા આપી નિવૃત થયેલા મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં રહેતા દિલીપ કુમાર સવજીભાઈ પરમાર માદરે વતન પહોંચતા પરિવારજનો અને સોસાયટીના રહીશોએ મોટી સંખ્યામાં પહોંચી દેશભક્તિના ગીત-સંગીત સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી ભવ્ય સ્વાગત કરવામાં આવતા સમગ્ર શહેર દેશભક્તિના રંગે રંગાયું હતું નિવૃત્ત આર્મી જવાનને સન્માનિત કરવા મોટી સંખ્યામાં સગા-સબંધી અને સ્થાનીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા નિવૃત્ત આર્મી જવાન દિલીપ ભાઈ પણ ઉમળકાભેર આવકાર જોઈ ઝૂમી ઉઠ્યા હતા.

મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં રહેતા અને હાલ યશ સોસાયટીમાં નિવાસ્થાન ધરાવતા દિલીપ પરમાર યુવાન વયે માં-ભોમની રક્ષા કરવા આર્મીમાં જોડાયા હતા સતત ૨૨ વર્ષ સુધી દેશની વિવિધ સરહદ પર ફરજ બજાવી રાજસ્થાનના જોધપુરથી નિવૃત્ત થયા હતા રવિવારે માદરે વતન ઋષિકેશ સોસાયટીમાં પહોંચતા સોસાયટીના રહીશો અને શહેરના લોકોએ સામૈયુ કરી ખુલ્લી જીપમાં દેશભક્તિની સુરાવલીઓ વચ્ચે વાજતે-ગાજતે ઉમળકાભરે સ્વાગત કરી શોભાયાત્રા કાઢી હતી જેમાં મોટી સંખ્યામાં દેશપ્રેમીઓ જોડાયા હતા તેમના સન્માન સમારોહમાં પરિવારજનો, સગા-સબંધીઓ ,ગ્રામજનોએ અને આગેવાનોએ ફૂલહાર કરીને અને શાલ ઓઢાડીને બહુમાન કર્યુ હતુ તેમની દેશ સેવાઓને બિરદાવી હતી. અને શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગમાં સમગ્ર શોભાયાત્રા રૂટ પર આવતો શહેરી વિસ્તાર દેશભક્તિના હિલોળે ચઢ્યો હતો ઋષિકેશ સોસાયટી અને યશ સોસાયટીમાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો.

નિવૃત્ત આર્મી જવાન દિલીપ પરમારે સ્વાગત -સન્માનનો પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું કે દેશની સેવામાં સરહદો સાચવવા જોડાવા ઈચ્છતા શહેરના યુવાનોને હું આ જરૂરી તમામ માર્ગદર્શન આપીશ અને સેવામાં જોડાવા આહવાન કરું છુ. ઉષ્માભર્યું ભવ્ય સવાગત-સન્માન કર્યુ તે માટે સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો.